જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૬/૦૪/૨૦૨૩ રવિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૨૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૨૨૫ લીટર દેશી દારૂ, ૭૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬ બિયર ટીન અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૯,૮૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૨૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૦૧ વ્યક્તિ અને પાસા મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ગાડીનો કાચ તોડી ચોરીઃ- સમાચાર યાદી નં.૬૩૦/૨૦૨૩

**ચાંદખેડાઃ** સરીતા ડો/ઓ ગજાનંદ વહીલે (ઉ.વ.૩૭)(રહે, ગુલરાજ ટાવર, લક્ષ્મીનગર લીંક રોડ, ગોરેગાંવ વેસ્ટ, મુંબઇ) એ તા.૧૫/૦૪/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૪/૨૦૨૩ રાતના ૮/૧૫ થી ૯/૪૫ સુધીના સમયગાળા દરમ્યાન તપોવન સર્કલ થી ઝુંડાલ સર્કલ જતા સર્વિસ રોડ ઉપર આવેલ “સ્મોકર લેન્ડ કાફે” નજીક ખુલ્લી જગ્યામા પાર્ક કરેલ સરીતાબહેનના મિત્રની કીયા સેલ્ટોસ ફોરવ્હીલર ગાડીનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી પર્સ ચોરી કરી લઇ ગઇ હતી. જે પર્સમાં (૧) સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- (૨) સોનાની કાનમાં પહેરવાની મોટી રીંગ નંગ-૨ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- (૩) સોનાની કાનમાં પહેરવાની નાની રીંગ નંગ-૨ કિંમત રૂપિયા ૧૬,૦૦૦/- (૪) ચાંદીની પાયલ નંગ-૨ કિંમત રૂપિયા ૪,૦૦૦/- (૫) રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- અને અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૧,૦૦,૦૦૦/- ની મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.પી.પટેલ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૬૩૧/૨૦૨૩</u>**

**વટવાઃ** ભાનુભાઇ બબાભાઇ મહેરીયા (ઉ.વ.૬૦)(રહે.રોહીતવાસ, ઠાકોરવાસ પાસે, વટવા)એ અગમ્ય કારણસર તા.૧૫/૦૪/૨૦૨૩ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદિશસિંહ કલ્યાણસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી